# જનરલ બોર્ડ સરકયુલર ઠરાવ નંબર.૦૪૮ તારીખ.૨૮–૦૨–૨૦૨૪

## <u>ખંભાત નગરપાલિકા ધ્વારા વડાપ્રધાનશ્રીને અભિનંદન પ્રસ્તાવ</u>

પ્રાચીન અને પાવન નગરી અયોધ્યામાં ભવ્ય રામ મંદિરમાં રામલલ્લાની પ્રાણ પ્રતિષ્ઠાની પાંચસોથી વધુ વર્ષોની, લાખો કરોડો ભકિતમય શ્રદ્ધાળુ હિન્દુ સમાજની પ્રતીક્ષા ગુર્જર ધરાના પનોતા પુત્ર આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની કુનેહ તથા દીર્ઘદ્રષ્ટિથી પૂર્ણ થઈ છે.

ભારત માટે આ એક ઐતિહાસિક અને ગૌરવશાળી ઉપલબ્ધિ છે. આ ઉપલબ્ધિ એક નવા યુગના કાળચક્રની શરૂઆત સાથે ભારત માટે રામરાજયની સ્થાપનાનો ઉદઘોષ પણ છે.

સમગ્ર દેશ અને દુનિયાને અયોધ્યામાં રામ મંદિર અને શ્રી રામચંદ્રજી ભગવાનની પ્રાણ પ્રતિષ્ઠાના સાક્ષી બનવાનું સૌભાગ્ય વિશ્વનેતા શ્રી નરેન્દ્રભાઈ મોદીએ અપાવ્યું છે. આવી ગૌરવ પ્રતિષ્ઠા અપાવનારા આપણા યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈને ગુજરાતના સૌ નાગરિકો લાખ–લાખ અભિનંદન પાઠવે છે.

સમગ્ર દેશવાસીઓનો સદીઓથી સંકલ્પ હતો કે, અયોધ્યામાં ભવ્ય રામ મંદિરનું નિર્માણ થવું જ જોઈએ. ભગવાન શ્રી રામચંદ્રજીની કૃપાથી આ ઐતિહાસિક મંદિરનું ભૂમિપૂજન અને પ્રાણ પ્રતિષ્ઠા બેય પવિત્ર કાર્યનું સૌભાગ્ય આદરણીય શ્રી નરેન્દ્રભાઈ મોદીને પ્રાપ્ત થયું છે.

તા.૨૨મી જાન્યુઆરીએ અભિજીત મુહૂર્તમાં ભવ્ય રામ મંદિરમાં રામલલ્લા બિરાજયા અને દેશભરમાં રાષ્ટ્ર ઉત્સવ તરીકે તેની સૌ કોઈએ ઉજવણી કરી હતી. અયોધ્યાનું ભવ્ય–દિવ્ય રામ મંદિર દરેક ભારતીયોની ચેતનામાં અંકિત થયેલું છે અને સાંસ્કૃતિક વિરાસતની સમૃદ્ધિનું પ્રતિબિંબ બની ગયું છે. પ્રભુ શ્રી રામનું આ મંદિર આજે ખરા અર્થમાં રાષ્ટ્ર ચેતનાનું મંદિર બન્યું છે.

ગુલામીની માનસિકતાથી મુકત થઈને ઉન્નત થઈ રહેલો દેશ ભારત ઈતિહાસની દરેક ક્ષણમાંથી પ્રેરણા લઈને આવા નવા ઈતિહાસનું સર્જન કરી રહયો છે. વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં ભારતની સાંસ્કૃતિક વિરાસતને સંરક્ષિત અને સંવર્ધિત કરવામાં સરકારે અભૂતપૂર્વ તથા ઉલ્લેખનીય સફળતા પ્રાપ્ત કરી છે. છેલ્લા એક દાયકામાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પોતાના નેતૃત્વમાં ભારતની આધ્યાત્મિક વિરાસતને દેશની એકતા સાથે જોડવાનું કાર્ય કર્યુ છે.

ભારતની સભ્યતા અને સંસ્કૃતિના કણ–કણમાં પ્રભ શ્રીરામ, માતા સીતા અને રામાયણ વસેલા છે. આપણા લોકતાંત્રિક મૂલ્યો અને 'સૌના માટે ન્યાય'ને સમર્પિત આપણું સંવિધાન રામરાજયના આદર્શથી પ્રેરિત રહયું છે.

રામ રાજયનો આદર્શ પૂજય બાપુના હ્દયમાં પણ વસેલો હતો. મહાત્મા ગાંધી કહેતા હતા કે રામરાજયનો વિચાર જ સાચા લોકતંત્રનો વિચાર છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પ્રભુ શ્રીરામના આદર્શ ઉપર ચાલીને, દેશમાં સુશાસન સ્થાપિત કરીને રામરાજયની ભાવનાને

સાચા અર્થમાં ચરિતાર્થ કરી છે. વિકસિત ભારતના નિર્માણમાં જે સંકલ્પોને આપણે આત્મસાત કર્યા છે તેની પૂર્તિમાં પ્રભુ શ્રી રામનું મંદિર એક નિર્ણાયક ભૂમિકાનું નિર્વહન કરશે.

વડાપ્રધાનશ્રીએ ભગવાન શ્રીરામથી જોડાયેલા આ અવસરે સમગ્ર દેશને એક તાંતણે બાંધવાની અતુલ્ય ભૂમિકા નિભાવી છે. આજે દેશ હર્ષિત છે, રામમય છે, રામની ઉર્જા અને રામના તેજ દેશના મન મંદિરમાં વિરાજિત થયા છે. રામ મંદિરના નિર્માણ માટે ચાલેલા આંદોલનમાં તર્પણ, સંઘર્ષ, બલિદાન તથા સંકલ્પ જોડાયેલા છે. આથી જ સમગ્ર દેશવાસીઓ વતી પૂરી એકતા શ્રદ્ધા અને ભકિત ભાવથી આ અવસરે આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને અભિનંદન પાઠવીએ છીએ.

દેશની વિકાસયાત્રામાં આ એક અવિસ્મણીય ક્ષણ છે, જે ભારત માટે સામાજિક, સાંસ્કૃતિક અને ઐતિહાસિક રીતે ખૂબ જ મહત્વપૂર્ણ છે. આઝાદીના અમૃતકાળમાં દ્રઢ સંકલ્પ શકિતથી પરિપૂર્ણ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દેશને નવી ઊંચાઈ પર પ્રસ્થાપિત કરી રહયા છે.

ભગવાન શ્રી રામ એ પોતાના વચનમાં, પોતાના વિચારોમાં જે મૂલ્યો ઘડયાં હતા, તે 'સૌના સાથ–સૌના વિકાસ'ની પ્રેરણા અને 'સૌના વિશ્વાસ–સૌના પ્રયાસ' નો આધાર છે. વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં ભારતની એકતા અને અખંડિતતાને જનભાગીદારીની શકિત મળી છે.

વડાપ્રધાનશ્રીની 'વિરાસત ભી ઔર વિકાસ ભી'ની સંયુકત તાકાતે આપણા દ્રઢ સંકલ્પિત પ્રયાસોના માધ્યમથી નવા ભારતની ઓળખ પ્રસ્થાપિત કરી છે. આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશ સર્વસ્પર્શી અને સર્વસમાવેશી વિકાસના લક્ષ્યોને રામરાજયની ભાવનાથી પૂર્ણ કરી રહયો છે.

અયોધ્યામાં ભવ્ય મંદિરમાં રામલલ્લાની પ્રાણ પ્રતિષ્ઠાથી સાંસ્કૃતિક–ધાર્મિક નવજાગરણનો નવો યુગ શરૂ કરી રામ રાજય માટેની પ્રતિબદ્ધતા દર્શાવનાર વેશ્વિક નેતા યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને સૌ સભ્યો અને ખંભાત શહેરના નગરજનો અભિનંદન પાઠવે છે.

પ્રસ્તુત ઠરાવમાં આપનો મત આપવા વિનંતી સહ..

સહી. દિગ્વિજયસિંહ પ્રભાતસિંહ પરમાર
પ્રમુખ
ખંભાત નગરપાલિકા

| ક્રમ | સભ્યશ્રીનું નામ | તરફેણ | વિરૂધ્ધ | તટસ્થ |
|---|---|---|---|---|
| (૧) | શ્રી મુમતાઝબાનુ અરશીદ શેખ | | | |
| (૨) | શ્રી ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા | તરફેણ | | |
| (૩) | શ્રી દુધાભાઈ હિરાભાઈ રોહીત | | | |
| (૪) | શ્રી ચંદુભાઈ ભુરાભાઈ કડીયા | | | |
| (૫) | શ્રી નિશાદબાનુ મોહંમદ સોએબ મનસુરી | તરફેણ | | |
| (૬) | શ્રી સુનીતાબેન રાજુભાઈ વાઘરી | તરફેણ | | |
| (૭) | શ્રી મનિષકુમાર બેચરલાલ ઉપાધ્યાય | તરફેણ | | |
| (૮) | શ્રી ધ્રુવકુમાર જીતુભાઈ પટેલ | | | |
| (૯) | શ્રી અંબાબેન જગદીશભાઈ જાદવ | | | |
| (૧૦) | શ્રી તેજલબેન સાગરકુમાર સોલંકી | તરફેણ | | |
| (૧૧) | શ્રી સાવજસિંહ અજીતસિંહ ગોહીલ | | | |
| (૧૨) | શ્રી પ્રફુલ્લભાઈ મનુભાઈ ચુનારા | | | |
| (૧૩) | શ્રી ભારતીબેન રમેશભાઈ રાણા | | | |
| (૧૪) | શ્રી નયનાબેન હેમંતકુમાર પ્રજાપતિ | તરફેણ | | |
| (૧૫) | શ્રી નીતીનભાઈ રૂઘનાથજી બ્રહ્મભટ્ટ | | | |
| (૧૬) | શ્રી અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા | તરફેણ | | |
| (૧૭) | શ્રી હેતલબેન કરશનભાઈ ભીલ | તરફેણ | | |
| (૧૮) | શ્રી સોનલબેન નિતિનકુમાર જોષી | તરફેણ | | |
| (૧૯) | શ્રી કનૈયાલાલ મફતભાઈ રાણા | તરફેણ | | |

| | | | | |
|---|---|---|---|---|
| (૨૦) | શ્રી વિજયસિંહ ચંદુભાઈ પરમાર (રાજભા) | | | |
| (૨૧) | શ્રી શમીમબાનુ અબ્દુલહમીદ મલેક | | | |
| (૨૨) | શ્રી હંસાબેન કંચનલાલ રાણા | | | |
| (૨૩) | શ્રી ઈફતેખારહુસેન મુખ્તાર હુસેન યમની | | | |
| (૨૪) | શ્રી એઝાઝહુસેન ઈર્શાદહુસેન સૈયદ | | | |
| (૨૫) | શ્રી નિતાબેન દિલીપભાઈ રાણા | તરફેણ | | |
| (૨૬) | શ્રી કામીની હિરેનકુમાર ગાંધી | તરફેણ | | |
| (૨૭) | શ્રી રાજેશકુમાર ગુણવંતલાલ રાણા | તરફેણ | | |
| (૨૮) | શ્રી ખુશમનભાઈ શાંતીલાલ પટેલ | | | |
| (૨૯) | શ્રી રેખાબેન અલ્પેશકુમાર જાદવ | તરફેણ | | |
| (૩૦) | શ્રી શર્મિષ્ઠાબેન પંકજકુમાર આચાર્ય | તરફેણ | | |
| (૩૧) | શ્રી દિગ્વિજયસિંહ પ્રભાતસિંહ પરમાર | તરફેણ | | |
| (૩૨) | શ્રી ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલ | તરફેણ | | |
| (૩૩) | શ્રી ગીતાબેન જતીનકુમાર રાણા | તરફેણ | | |
| (૩૪) | શ્રી જયાબેન રોહીતભાઈ ખારવા | તરફેણ | | |
| (૩૫) | શ્રી જીતેન્દ્રકુમાર ઈન્દ્રવદન ખારવા | તરફેણ | | |
| (૩૬) | શ્રી શાંતિબેન ભુપતભાઈ માછી | તરફેણ | | |

**સરકયુલર ઠરાવ (૩૬) સભ્યો પૈકી તરફેણમાં (૨૧) વિરોધમાં (૦) તટસ્થ (૦) મને મંજુર થાય છે.**

**સહી. દિગ્વિજયસિંહ પ્રભાતસિંહ પરમાર**
**પ્રમુખ**
**ખંભાત નગરપાલિકા**